## મેહરબાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ ,સેક ન્ડ કોર્ટ, મુ.સુરત

**C.C. NO.**

**EX.-**

**ફરીયાદી** : શ્રી સરકાર.

**વિરુધ્ધ...**

**આરોપી** :

## ગુન્હો : જુગારધારાની કલમ–૧૨ મુજબ.

// ઠ રા વ //

ફરીયાદ પક્ષના કેસની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ વિગતે ગુન્હો કરેલ છે.

આજરોજ આરોપી / આરોપીઓ હાજર છે. તેઓની પ્લી લેવામાં આવેલ છે જેમાં તેમણે ગુન્હો કબુલ છે તેવું જણાવેલ છે અને આજરોજ સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરવા માંગતા હોઈ કબુલાત પુરસીસ આપેલ છે. અને મુદામાલ અંગે નો–કલેઇમ પુરસીસ આપેલ છે. આરોપી / આરોપીઓને તેમની સામેના ગુનાની ગંભીરતા અને સજાથી વાકેફ કરેલ છે. આજરોજ આરોપી / આરોપીઓ એ નામદાર કોર્ટ રૂબરૂ ગુનો કબુલ કરેલ હોય તેમણે સ્વૈચ્છાએ કબુલ કરેલ હોય તેવું જણાય છે. આરોપી / આરોપીઓ એ નામ.કોર્ટને દયા કરવ અરજ કરેલ છે.

**નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે,** જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈઓ કરતા પણ ઓછી માં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ ચુકાદાના પાના નં.૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતી અને સંજોગો ધ્યાને લેઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હુ નમ્ર પણ માનુ છું. તમામ રેકર્ડ વંચાણે લેતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **હુકમ** //

આ કામના દરેક આરોપી / આરોપીઓ ને ને ક્રિ.પ્રોસીઝર કોડની કલમ : ૨૫૨ અન્વયે જુગારધારાની કલમ ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રુપીયા ૧૦૦/– (અંકે રૂપિયા એક સો પુરા) સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિન– ૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. ( કુલ રૂપિયા ............પુરા)

મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જો હુકમ થયેલ ન હોય તો રોકડ રકમ સિવાય અરજદારનું યોગ્ય વેરીફીકેશન લઈ અપીલ સમય બાદ પરત કરવાનો તથા રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવાનો તથા અન્ય નાશપાત્ર મુદ્દામાલ નો નિયમોનુસાર અપીલ સમયબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ : ૦૯ મી માહે : સપ્ટેમ્બર સને.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

**Date :09/09/2023**
**Pace: SURAT**

(**JAYSHRIBEN SHANTILAL JADAV**)
**JUDGE CODE NO.1424**
**JUDICIAL MAGISTRATE FRIST CLASS,**
**SECOND COURT,SURAT.**